દિવ્ય ભાસ્કર , પાના નંબર :- ૦૨

તારીખ :- ૩૧ | ૦૮ | ૨૦૨૫

**ભાસ્કર એક્સક્લુઝિવ** DPRને લીલીઝંડી, કેબિનેટ મંજૂરી અંતિમ તબક્કામાં, કોમનવેલ્થ પહેલાં પશ્ચિમને કનેક્ટિવિટી મળશે

# મેટ્રોનો ત્રીજો ફેઝ 60 કિમીનો હશે, 41 એલિવેટેડ સ્ટેશન, પહેલી ટ્રેન થલતેજ ગામથી ગોધાવીના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સુધી દોડાવાશે

વિશાલ પારાશર | અમદાવાદ

વર્ષ 2030માં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને ટ્રાફિકનું ભારણ ઘટાડવા અને આંતરિક વિસ્તારોને જોડવા 'અમદાવાદ મેટ્રો ફેઝ-3'નો માસ્ટરપ્લાન તૈયાર થઈ ગયો છે. પબ્લિક ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ (પીઆઈબી) તરફથી ડિટેલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ (ડીપીઆર)ને લીલી ઝંડી મળી ગઈ છે અને ટૂંક સમયમાં કેબિનેટ મંજૂરી મળવાની શક્યતા છે. ફેઝ-3માં કુલ 60 કિલોમીટરનો નવો રૂટ અને 41 એલિવેટેડ સ્ટેશન બનશે. ગ્રાઉન્ડ લેવલ પર સોઈલ ટેસ્ટિંગ અને જમીનની સપાટી (ટોપોગ્રાફી) સરવે ચાલી રહ્યો છે.

કોમનવેલ્થને ધ્યાનમાં રાખીને ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન ફેઝ-3માં સૌથી પહેલાં થલતેજ ગામથી શીલજ થઈ ગોધાવીના SWASA સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ સુધીના રૂટને પ્રાથમિકતા અપાશે. આ રૂટ પૂર્ણ થવાથી પશ્ચિમ અમદાવાદના ઝડપથી વિકસતા વિસ્તારોને સીધો ફાયદો થશે. આ ઉપરાંત SWASA ખાતે આવેલા સ્પોર્ટ્સ વેન્યુ, ગીચ વસ્તી ધરાવતા વિસ્તારો, મોટા શાકભાજી તથા ફૂડ માર્કેટ્સ, લો-કોસ્ટ રેસિડેન્શિયલ વિસ્તારો, હોસ્પિટલ જેવા મહત્ત્વનાં સ્થળો આ નેટવર્ક સાથે સાંકળી લેવાશે.

## ફેઝ-2 Aમાં કોટેશ્વરથી એરપોર્ટ: 600 મીટરનો રિવર બ્રિજ, અંડરગ્રાઉન્ડ સ્ટેશન બનશે



ગાંધીનગર તરફથી આવતા મુસાફરો માટે કોટેશ્વરથી એરપોર્ટ સુધી અલગ કનેક્ટિંગ લાઈન તૈયાર થશે. 200 એકરમાં આકાર લઈ રહેલા સરદાર પટેલ એન્ક્લેવમાં 2થી 3 મેટ્રો સ્ટેશન મળશે. આ રૂટ પર 600 મીટરનો રિવર બ્રિજ અને 4 એલિવેટેડ સ્ટેશન હશે, જ્યારે એરપોર્ટનું સ્ટેશન અંડરગ્રાઉન્ડ રહેશે. આ એરપોર્ટ કનેક્ટિવિટી એપ્રિલ-મે 2030 સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. ફેઝ 2-એ અને ગિફ્ટ સિટીમાં મેટ્રો દોડાવવાના ફેઝ 2-બીને કેબિનેટ મંજૂરી મળી ચૂકી છે.

## જૂના શહેર માટે સરક્યુલર રૂટ: સોઇલ ટેસ્ટિંગ માટેની ટેન્ડર પ્રક્રિયા પણ પૂરી

શહેરના મધ્ય અને આંતરિક વિસ્તારોને સાંકળી લેવા સરક્યુલર રૂટનું આયોજન કરાયું છે. આ રૂટ માટે જિયો-ટેક એટલે કે સોઈલ ટેસ્ટ માટેની ટેન્ડરની પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે અને ડીડીસી ટેન્ડર હાલ પ્રક્રિયા હેઠળ છે. આ રૂટમાં જૂના વાડજ સ્ટેશન, અમરાઈવાડી, ગાંધી આશ્રમ, અસારવા, મેઘાણીનગર અને નરોડા-નારોલ હાઈવેનો સમાવેશ કરાશે. આ સર્ક્યુલર લિંકથી નાના અને વેપારી વિસ્તારો સીધા મેટ્રો સાથે જોડાઈ જશે.

## રોજ 2 લાખ લોકો મુસાફરી કરી રહ્યા છે, દેશભરમાં પાંચમા ક્રમે

દિલ્હી, બેંગલુરુ, હૈદરાબાદ અને મુંબઈ પછી અમદાવાદ દેશના સૌથી મોટા મેટ્રો નેટવર્કમાં પાંચમા ક્રમે છે. હાલ ફેઝ-1 અને 2 મળીને 68 કિલોમીટરથી વધુનો રૂટ કાર્યરત છે. ફેઝ-3 પૂરો થતાં કુલ નેટવર્ક 138 કિલોમીટરથી વધી જશે. સામાન્ય દિવસોમાં પણ રોજ સરેરાશ 2 લાખ લોકો અમદાવાદ મેટ્રોમાં મુસાફરી કરી રહ્યા છે.